# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website :www.spuvvn.edu Phone : 91-02692- 226807


એકેડેમિક વિભાગ

## પરિપત્ર

**વિષય : સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમના (બી.એડ્. અભ્યાસક્રમ સિવાય) પ્રવેશ માટે તા. ૧૦/૦૭/૨૦૨૭ બાદ આગળનો રાઉન્ડ**

**સંદર્ભ :** ૧) યુનિવર્સિટી પરિપત્ર નં. ડી/ઇ/૧૦/૧૭૮૧ તા. ૦૧/૦૭/૨૦૨૪ (SF થી GIAમાં તબદીલી)

૨) યુનિવર્સિટી પરિપત્ર નં. ડી/ઇ/૧૦/૧૭૮૨ તા. ૦૧/૦૭/૨૦૨૪ (PG ડીસેન્ટ્રલાઇઝડ)

૩) યુનિવર્સિટી પરિપત્ર નં. ડી/ઇ/૧૦/૧૮૫૮ તા. ૦૪/૦૭/૨૦૨૪ (UG ડીસેન્ટ્રલાઇઝડ)

૪) યુનિવર્સિટી પત્ર નં. ડી/ઇ/૧૦/૧૯૩૭ તા. ૦૬/૦૭/૨૦૨૪

આથી સર્વે સંબંધકર્તા વિદ્યાર્થીઓ, કોલેજના આચાર્યશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે હવે પછી નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| ૧૧/૦૭/૨૦૨૪ થી ૧૫/૦૭/૨૦૨૪ | ૧. જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર ફોર્મ ભરેલ છે તેવા જ વિદ્યાર્થીઓ આ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.<br>૨. વિદ્યાર્થીઓએ જે કોલેજ/વિભાગમાં પ્રવેશ મેળવવો હોય તેની ખાલી સીટોની માહિતી મેળવવા કોલેજ/વિભાગનો રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરવાનો રહેશે.<br>૩. કોલેજ/વિભાગ ખાતે રૂબરૂ સંપર્કમાં વિદ્યાર્થીએ GCAS જીકાસ પોર્ટલમાં ભરેલ ફોર્મની પ્રિન્ટ, તમામ દસ્તાવેજોની એક નકલ તથા તમામ અસલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.<br>૪. કોલેજ/વિભાગે વિદ્યાર્થીઓના તમામ દસ્તાવેજોની તથા Eligibilityની ચકાસણી કરવાની રહેશે.<br>૫. ચકાસણી બાદ વિદ્યાર્થી પ્રવેશ મેળવવા પાત્ર હોય તો કોલેજ/વિભાગે વિદ્યાર્થીને પોર્ટલ દ્વારા ઓફર લેટર ઇસ્યુ કરવાનો રહેશે.<br>૬. ત્યારબાદ અગાઉની પ્રક્રિયા પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો રહેશે.<br>૭. પ્રવેશ ફાળવ્યા બાદ કોલેજ/વિભાગે જે તે પોર્ટલ પર વિદ્યાર્થીઓનું એડમીશન લોક કરવાનું રહેશે. |
| | પ્રવેશ અંગેની અંતિમ તારીખની જાણ તથા જરૂર મુજબ આગળની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા હવે પછી જાહેર કરવામાં આવશે. |

નોંધ : ૧. યુનિવર્સિટી દ્વારા કોઇ ઇસ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઇપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઇ/૧૦/૨૦૭૮

વલ્લભ વિદ્યાનગર

તારીખઃ ૧૦/૭/૨૦૨૪

કુલસચિવ

નકલ રવાનાઃ

૧. સર્વે આચાર્યશ્રી/વડાશ્રી, સંલગ્ન કોલેજો/અનુસ્નાતક વિભાગ તરફ

૨. કા. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઉપર મુજબની કાર્યવાહી સારૂ.

Academic(Z)/ Central Admission(GCAS)-2024-2025/PG/Paripatra